વલસાડમાં વિદ્યાર્થીએ ટ્રેન નીચે પડતું મૂક્યું

અબ્રામા રહેતા અને ધો-11માં ભણતા સાહિલના આપઘાત અંગે પોલીસે તપાસ હાથ ધરી

વલસાડઃ વલસાડના અબ્રામા વિસ્તારમાં રહેતા ધોરણ ૧૧ કોમર્સના સગીર વિદ્યાર્થીએ ટ્રેન નીચે પડતું મૂકી આત્મહત્યા કરી લેતાં ચકચાર મચી જવા પામી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, અબ્રામા ખાતે રહેતો ૧૭ વર્ષીય સોહિલ ઠાકુર આજે પોતાની બાઇક લઈને જવાહર ધક્કા વિસ્તાર નજીક પહોંચ્યો હતો. ત્યાં તેણે રેલવે ટ્રેક નજીક પોતાની બાઇક પાર્ક કરી હતી અને ત્યારબાદ સામેથી પૂરપાટ ઝડપે આવી રહેલી ટ્રેન આગળ પડતું મૂકી દીધું હતું. આ અકસ્માતમાં ગંભીર ઈજાઓ થવાના કારણે કિશોરનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને સ્થાનિક પોલીસ તેમજ રેલવે પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે સ્થળ પર પહોંચી મૃતકના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. ધોરણ ૧૧માં અભ્યાસ કરતાં આશાસ્પદ વિદ્યાર્થીએ કયા કારણોસર આ અંતિમ પગલું ભર્યું તે અંગે હજી સુધી કોઈ ચોક્કસ માહિતી સામે આવી નથી. પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

વાપીના સ્વિમિંગ પુલમાં યુવતીના મોતમાં સંચાલક સહિત 3 સામે ગુનો

બંને કોચ ફરજ પર હાજર ન હોવા છતાં હાજરી દર્શાવી હતી

વાપીઃ વાપી ચલામાં આવેલા વાપી સ્પોર્ટ્સ ક્લબના સ્વિમિંગ પુલમાં સ્વિમિંગ શીખવા આવેલી 20 વર્ષીય યુવતીનું ડૂબી જવાથી મોત નીપજ્યાની ઘટના બની હતી. આ બનાવમાં વાપી ટાઉન પોલીસે સ્વિમિંગ પુલના સંચાલક સહિત ત્રણ સામે બેદરકારી બદલ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

વાપી ટાઉન પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, નાની દમણના સોમનાથ વિસ્તારમાં આવેલા મીડ ટાઉન બિલ્ડિંગમાં રહેતી અને મૂળ બિહારની અંશુકુમારી સંજયસિંહ (ઉ.વ.20) ગત તા.30-9-2026ના રોજ વાપી સ્પોર્ટ્સ ક્લબના સ્વિમિંગ પુલમાં સ્વિમિંગ શીખવા માટે આવી હતી. આ દરમિયાન પાણીમાં ડૂબી જતાં તેનું મોત નીપજ્યું હતું. મૃતકના પિતા સંજયકુમારસિંહ ઉમેશ ગૌતમસિંહ (ઉં.42)એ વાપી ટાઉન પોલીસ મથકમાં જાણ કરતાં પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન સ્વીમીંગ પુલના સંચાલન અંગે પણ ચોંકાવનારી વિગતો સામે આવી હતી. વાપી મહાનગરપાલિકા દ્વારા મેસર્સ જે.જી. પ્રોજેક્ટ એન્ડ સપ્લાયર કંપનીના પ્રોપરાઈટર ગણપત પટેલ (રહે., બીલીમોરા)ને તા.1-4-2026થી ત્રણ માસ માટે હંગામી ધોરણે સ્વિમિંગ પુલના સંચાલન માટે કરાર આપવામાં આવ્યો હતો. ત્યારબાદ તા.1-7-2026થી બે માસ માટે અને તા.1-9-2026થી નવી એજન્સીની નિમણૂંક ન થાય ત્યાં સુધી સંચાલન માટે જરૂરી એગ્રીમેન્ટ કરવામાં આવ્યું હતું.

એગ્રીમેન્ટ મુજબ બે ઓથોરાઈઝ્ડ ટ્રેનર, બે હેલ્પર/તરવૈયા, ફિલ્ટરેશન પ્લાન્ટ માટે એક ઓપરેટર, બે શિફ્ટ માટે બે સિક્યુરિટી ગાર્ડ, મેનેજર, રિસેપ્શનિસ્ટ, હેલ્પર તથા સફાઈ સહિત કુલ 12 સ્ટાફ રાખવાનો હતો. જોકે પોલીસ તપાસમાં બનાવના દિવસે મેન્ટેનન્સ સહિત કુલ પાંચ કર્મચારી જ હાજર હોવાનું બહાર આવ્યું હતું. બે કોચ તથા એક હાઉસકીપિંગ કર્મચારી ફરજ પર હાજર ન હતા. આ ઉપરાંત સીસીટીવી રેકોર્ડિંગની તપાસમાં અંશુકુમારી સ્વિમિંગ શીખવા માટે પુલમાં હતી, તે સમયે કોચ કે અન્ય કોઈ વ્યક્તિ હાજર ન હોવાનું પણ સામે આવ્યું હતું. પોલીસે એગ્રીમેન્ટ મુજબ પૂરતો સ્ટાફ નહીં રાખવા તથા ફરજ પર હાજર નહીં રહેનાર કોચ સુમિત માંગેલા અને જકશીલ માંગેલા સામે હાજરી પત્રકમાં હાજરી દર્શાવી બેદરકારી દાખવવાના આક્ષેપસર ગુનો નોંધ્યો છે. પોલીસે સ્વિમિંગ પુલના સંચાલક ગણપત પટેલ સહિત ત્રણેય સામે વધુ તપાસ શરૂ કરી છે.

વાપીમાં ગાળો ન બોલવાનું કહેતા બેનાં માથા ફૂટ્યાં

વાપીઃ મૂળ કચ્છ અને હાલ વાપી છરવાડા કોપરલી રોડ સ્થિત ભાનુ હિલ્સ બિલ્ડિંગમાં રહેતા જયેશ ભામુભાઈ રબારી (ઉ.વ.26) રવિવારે તેમના મિત્ર કાના બુધાભાઈ રબારી સાથે ભેગા મળી ગુંજન વૈશાલી બ્રિજ નીચે ચાની લારીએ ચા પીવા માટે ગયા હતાં. ત્યાં દિપક પ્રદિપભાઈ યાદવ નજીક આવી ગાળો બોલતો હતો, જેથી તેને ગાળો બોલવાની ના પાડી હતી. જેથી દિપક ત્યાંથી નીકળી ગયો હતો અને થોડીવારમાં તેનો મિત્ર વિરેન્દ્ર રાજુ યાદવ સાથે આવી ગયો હતો અને જયેશ અને કાનાને ઢીક્કામુક્કીનો માર મારી ઈંટ વડે બંનેના માથા ફોડ્યા હતાં. આ બનાવ અંગેની ફરિયાદ જયેશ રબારીએ મારામારી કરનારા દિપક અને વિરેન્દ્ર (બંને રહે. રમઝાનવાડી, છરવાડા-વાપી) સામે વાપી ઉદ્યોગનગર પોલીસ મથકમાં કરી હતી.

વલસાડમાં જાહેરમાં કચરો નાંખનાર સ્થળ પર જ દંડાયા

કૈલાસ રોડ વિસ્તારમાં 15થી વધુ લોકોને મેમો

વલસાડઃ વલસાડ શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાનના માર્ગદર્શન હેઠળ રવિવારે તમામ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓને રસ્તા પર ઉતારી વિશેષ સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. તંત્ર દ્વારા શહેરને સાફ-સુથરું રાખવા માટે કડક આદેશો આપવામાં આવ્યા હોવા છતાં કેટલાક બેદરકાર તત્ત્વો સુધરવાનું નામ લેતાં નથી.

તંત્રની આ ઝુંબેશના બીજા જ દિવસે વલસાડના કૈલાસ રોડ વિસ્તારમાં કેટલાક લોકો બાઇક લઈને આવી જાહેર રસ્તા પર જ ખુલ્લામાં કચરો ફેંકી રહ્યા હતા. આ બાબત ધ્યાન પર આવતા જ પારડી સાંઢપોર ગામ પંચાયતના તલાટીએ તાત્કાલિક એક્શન મોડમાં આવીને સ્થળ પર જ કાર્યવાહી હાથ ધરી હતી.

તલાટીએ રસ્તા પર કચરો ફેંકતા બાઈકસવારોને રોકીને સ્થળ પર જ 100નો દંડ ફટકારી મેમો આપ્યા હતા. જોતજોતામાં 15થી વધુ લોકોને કચરો ફેંકવા બદલ સ્થળ પર જ મેમો ફટકારવામાં આવતા કચરો ફેંકનારાઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો. સરકારી તંત્ર દ્વારા કરવામાં આવેલી આ આકરી અને તાત્કાલિક કાર્યવાહીને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ચર્ચા જાગી છે.

વલસાડમાં કચરાના ટેમ્પોમાંથી દારૂની પોટલીઓ મળતાં હોબાળો

ગફલતભરી ડ્રાઈવિંગ કરતા ચાલકને સ્થાનિકોએ મેથીપાક ચખાડ્યો, પોલીસે અટકાયત કરી

વલસાડઃ શહેરમાં કચરો એકત્રિત કરવા નીકળેલા પાલિકાના ટેમ્પો ચાલકને સ્થાનિક રહીશોએ દારૂના જથ્થા સાથે ઝડપી પાડી પોલીસ હવાલે કર્યો હોવાની ચકચારી ઘટના સામે આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, કચરો ઉઘરાવવા નીકળેલો ટેમ્પો ચાલક શહેરના વિસ્તારમાં અત્યંત ગફલતભરી રીતે વાહન હંકારી રહ્યો હતો. આ બેદરકારીભર્યા ડ્રાઈવિંગના કારણે સ્થાનિક રહીશોમાં રોષ ફેલાયો હતો અને લોકોએ ટેમ્પોને અટકાવી ચાલકને બહાર ખેંચી મેથીપાક ચખાડ્યો હતો. ત્યારબાદ સ્થાનિકોએ શંકાના આધારે વાહનના અંદર તપાસ હાથ ધરતાં ટેમ્પોમાંથી દારૂની પોટલીઓ મળી આવતા ભારે હોબાળો મચી ગયો હતો. ઘટનાની જાણ થતાં જ વલસાડ શહેર પોલીસ કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો. પોલીસે દારૂની પોટલીઓ કબજે કરી ટેમ્પો ચાલકની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે, વલસાડ નગરપાલિકા દ્વારા કચરા કલેક્શનનું નવું ટેન્ડર મંજૂર કરાયા બાદ આ કામગીરી સંભાળતી એજન્સીના કર્મચારીઓ વારંવાર વિવાદમાં આવી રહ્યા છે. અગાઉ પણ પાલિકાના સભ્યો દ્વારા આ એજન્સીની લાલિયાવાડી અને બેદરકારી સામે ઉગ્ર વિરોધ નોંધાવવામાં આવ્યો હતો, ત્યારે હવે કચરાના વાહનમાંથી દારૂ મળી આવવાના કિસ્સાએ પાલિકા તંત્ર અને એજન્સીની કાર્યપદ્ધતિ સામે અનેક સવાલો ખડા કર્યા છે. હાલ સમગ્ર મામલે વલસાડ શહેર પોલીસે ગુનો નોંધી ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરી છે.

પારનેરા પારડીમાં ગોચરની કીમતી જમીન પર બિલ્ડરનો ડોળો

તળાવની કાંસ પાસેથી રસ્તો કાઢવા હિલચાલ તેજ, પંચાયતે બિલ્ડરના નામ વગરની નોટિસ ચોંટાડી સંતોષ માન્યો

વલસાડઃ વલસાડ તાલુકાના પારનેરા પારડી ગામે સરકારી ગૌચરની કિંમતી જમીન પર એક મોટા બિલ્ડરની નજર પડતાં સ્થાનિક સ્તરે મોટો વિવાદ ઊભો થયો છે. અહીં ચાલી રહેલા એક વિશાળ બાંધકામ પ્રોજેક્ટ માટે બિલ્ડર દ્વારા ગૌચરની જમીનમાંથી રસ્તો કાઢવાના પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે.

ચોંકાવનારી બાબત એ છે કે આ રસ્તો ગામના તળાવની કાંસ પાસેથી પસાર કરવામાં આવી રહ્યો છે. જો આ રીતે રસ્તો બનાવી દેવામાં આવે તો ચોમાસા દરમિયાન તળાવ ઓવરફ્લો થતાં જ આજુબાજુના સમગ્ર વિસ્તારમાં પાણી ભરાવાની ગંભીર સમસ્યા સર્જાઈ શકે તેમ છે. કુદરતી જળપ્રવાહ અને પાણીના નિકાલની જગ્યા પર સીધું જોખમ ઊભું થવાની પૂરી શક્યતા રહેલી છે.

ગૌચરની જમીન અને તળાવની કાંસ નજીક થઈ રહેલા આ ગેરકાયદે રસ્તાના નિર્માણને લઈને પારનેરા પારડી જૂથ ગ્રામ પંચાયત દ્વારા સ્થળ પર એક નોટિસ ચોંટાડવામાં આવી છે. જોકે, પંચાયતની આ કાર્યવાહી માત્ર ઔપચારિકતા સાબિત થઈ હોય તેમ નોટિસમાં ક્યા બિલ્ડર કે પ્રોજેક્ટ સામે આ પગલું ભરાયું છે, તેનું કોઈ નામ જ દર્શાવવામાં આવ્યું નથી. પંચાયત તંત્ર પોતે પણ બિલ્ડરનું નામ જાણતું ન હોવાનો ઢાંકપિછોડો કરી રહ્યું હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

નામ વગરની આ લૂલી નોટિસ માત્ર કાગળ પરની કામગીરી સાબિત થઈ રહી છે, જ્યારે વાસ્તવમાં બિલ્ડર મનસ્વી રીતે સરકારી જગ્યા પચાવી પાડવાની ફિરાકમાં છે. ચોમાસામાં જળબંબાકારની ભીતિ અને ગૌચરની જમીનનું ધોળે દિવસે થઈ રહેલું દબાણ અટકાવવા માટે ગ્રામજનોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. લોકો હવે માત્ર નામપૂરતી નોટિસો આપવાને બદલે જવાબદાર બિલ્ડર સામે કડક કાનૂની કાર્યવાહી કરી કામ તાત્કાલિક અટકાવવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે.

કપરાડાનાં ગામોમાંથી પસાર થતી પાવરગ્રીડ સામે વળતર મુદ્દે વિરોધ

હેદલબારી, વારોલી જંગલ, પેંઢારદેવી, વાડી, ઘણાવેરી સહિતના ગામોના અસરગ્રસ્ત ખેડૂતો આંદોલનના મૂડમાં

વલસાડઃ કપરાડાના ગામોમાંથી પસાર થતી પાવરગ્રીડ કોર્પોરેશન દ્વારા કપરાડા તાલુકાના મોટાભાગના ગામોમાં ખેડૂતોની માલિકીની જમીનમાં થાંભલા નાંખવાના અને ઝાડ કાપવાના મુદ્દે ભારે વિવાદ સર્જાયો છે. કંપની દ્વારા સરકારના પરિપત્ર મુજબના ભાવને બદલે પોતાની રીતે ઓછું વળતર ચૂકવવામાં આવતા ખેડૂતોએ વિરોધ દર્શાવ્યો છે.

વાડી ગામ ખાતે 8 જેટલા ગામોના ખેડૂતોના બનેલા પ્રતિનિધિ મંડળ અને ખેડૂતોએ જો નિયમ અનુસાર વળતર ન ચૂકવાશે તો કામગીરી આગળ ચલાવવા નહીં દઈએ તેવો સૂર વ્યક્ત કર્યો હતો. આ મુદ્દે અગાઉ વલસાડ કલેક્ટર કચેરી ખાતે આવેદનપત્ર પણ અપાયું હતું. ખેડૂતોના જણાવ્યા મુજબ, જેટકો પાવર પ્લાન અંતર્ગત તેમની જમીનમાંથી હાઈટેન્શન લાઈન પસાર કરવા માટે થાંભલા ઊભા કરાયા છે અને મોટી સંખ્યામાં ઝાડ કાપવામાં આવ્યા છે. ઝાડ નંગ દીઠ સરકારે નક્કી કરેલા પરિપત્ર મુજબ વળતર આપવાનું હોય છે, પરંતુ તંત્ર પોતાની મનમાની મુજબ ઓછું વળતર આપી રહ્યું છે. યોગ્ય વળતરની માંગણી કરવા છતાં તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે. આ મુદ્દે હેદલબારી, વારોલી જંગલ, પેંઢારદેવી, વાડી, ઘણાવેરી, ભુરવડ, માલુંગી, ટીટુમાળ, વાડી, અસ્ટોલ સહિત અનેક ગામના અસરગ્રસ્ત ખેડૂતોમાં ભારે રોષ ફેલાયો છે. જો સરકારના પરિપત્ર મુજબ વળતર નહીં ચૂકવે તો તેઓ જેટકો પાવર પ્લાનનો સખત વિરોધ કરશે. તંત્ર લાલિયાવાડી કરશે તો કપરાડાના ખેડૂતો આંદોલન કરવાના મૂડમાં જણાઈ રહ્યા છે અને જેટકો પાવર પ્લાન્ટને આગળ વધવા દેશે નહીં તે અંગે મિટીંગો ડોર ટૂ ડોર શરૂ કરી દીધી છે.

નાનાપોંઢાનું આમધા ગામ

પ્રકૃતિ, ઇતિહાસ અને સંસ્કૃતિનો સંગમ

ધરમપુર રજવાડાના ઇતિહાસ સાથે જોડાયેલું આમધા ગામ ઘેઘૂર જંગલો અને પહાડી સૌંદર્ય માટે પણ આકર્ષણનું કેન્દ્ર

વલસાડઃ વલસાડ જિલ્લાના નાનાપોંઢા તાલુકાનું આમધા ગામ સહ્યાદ્રિની પર્વતમાળાઓ અને ઘેઘૂર જંગલોની વચ્ચે સ્થિત છે. ઐતિહાસિક રીતે આ વિસ્તાર પ્રાચીન રામનગર (ધરમપુર) સ્ટેટનો ભાગ રહ્યો છે. પહાડી ભૂપૃષ્ઠ, ટેકરીઓ અને નદી-ઝરણાંથી ઘેરાયેલું હોવાથી આ ગામ પ્રાકૃતિક રીતે અને પ્રવાસન દ્રષ્ટિએ અત્યંત સુંદર બની જાય છે. આમધા ગામ પહાડી હવામાન, લોકસંસ્કૃતિ અને પ્રકૃતિપ્રેમીઓ માટે એક વિશેષ ઓળખ ધરાવે છે.

આઝાદી પહેલા ધરમપુરના મહારાણા વિજયદેવજી અને રાણા મોહનદેવજીના સમયમાં કપરાડા વિસ્તારના ગામો રાજપૂત શાસકો અને સ્થાનિક આદિવાસી નાયકો/મુખીઓ વચ્ચેના સુમેળભર્યા સંબંધો માટે જાણીતા હતા. રાજાઓ દ્વારા જંગલ વિસ્તારની સુરક્ષા અને કરવેરા માટે ગામના મુખી (પટેલ)ની નિમણૂક કરવામાં આવતી. સિસોદિયા વંશની સ્થાપના ઈ.સ. ૧૨૬૨માં ચિત્તોડગઢ (મેવાડ)થી આવેલા સિસોદિયા રાજપૂત કુંવર રામશાહે (રામસિંહે) દક્ષિણ ગુજરાતના પહાડી વિસ્તારમાં સ્થાનિક શાસકોને પરાસ્ત કરી રામનગર રાજ્યની સ્થાપના કરી હતી.

૧૭મી સદીમાં જ્યારે છત્રપતિ શિવાજી મહારાજે સુરત પર ચઢાઈ કરી (૧૬૬૪ અને ૧૬૭૦) ત્યારે તેમના સૈન્યે ધરમપુરના ઘનઘોર જંગલો અને પહાડી માર્ગોનો ઉપયોગ કર્યો હતો. પેશ્વા અને ગાયકવાડ શાસન દરમિયાન ધરમપુરના મહારાણાઓએ આમધા જેવા પહાડી ગામો અને જંગલોના કુદરતી રક્ષણના બળે પોતાની આંતરિક સ્વાયત્તતા જાળવી રાખી હતી. સ્વતંત્રતા પહેલાં ધરમપુરના અંતિમ પ્રબુદ્ધ શાસક મહારાણા વિજયદેવજીના સમયમાં આ વિસ્તારમાં રસ્તાઓ, પાણી અને પ્રાથમિક શિક્ષણનો પાયો નંખાયો હતો.

આમધા ખુબ જ રમણીય વાતાવરણ ધરાવતુ હોવાથી અહીં સ્થાનિક કલાકારો શોર્ટ ફિલ્મ કે ગીત બનાવવા માટે આવતા હોય છે. અહીં માવલી માતાનું સ્થાનક પણ છે. આમધા અને આસપાસના ગામોમાં સીમાડીયા દેવ, ડુંગર દેવ, અને કંસારી દેવી (અન્ન મહોત્સવ)ની પરંપરાગત પૂજાનો મોટો મહિમા છે.

કઇ રીતે પહોંચી શકાય?

આમધા ગામ પંચાયતી રસ્તાઓ અને સ્ટેટ હાઇવે સાથે જોડાયેલું છે, જેથી ધરમપુર અને વલસાડ તાલુકા મથકે પહોંચવું સરળ રહે છે. મોટી વહીયાળ અને નાનાપોંઢા થઈને જઇ શકાય છે. અરણાઇ ગરમ પાણીના ઝરા પણ નજીકનું પ્રવાસન સ્થળ છે.

સંઘપ્રદેશમાં ઔદ્યોગિક માળખાકીય સહાય યોજનાની મુદત લંબાવાઈ

દમણઃ સંઘપ્રદેશ દાનહ-દમણ-દીવ પ્રશાસન દ્વારા ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા 'ઔદ્યોગિક માળખાકીય સુવિધા સહાય યોજના'ની મુદતમાં વધારો કર્યો છે. આ યોજના હેઠળ ખાનગી કે સરકારી ઔદ્યોગિક વસાહતોમાં રોડ, ડ્રેનેજ, વીજળી, પાણી, ટ્રાન્સપોર્ટ નગર અને એક્ઝિબિશન સેન્ટર જેવી પાયાની સુવિધાઓ વિકસાવવા પ્રોજેક્ટ ખર્ચના ૫૦% અથવા વધુમાં વધુ રૂ.૨૦ કરોડની સહાય અપાશે. જોકે, સરકારી વિભાગો અને જાહેર સાહસો માટે ૧૦૦% સુધીની સહાયની જોગવાઈ છે. કામમાં પારદર્શિતા રહે તે માટે સહાયની રકમ તબક્કાવાર ચૂકવાશે.

સંક્ષિપ્ત સમાચાર

પારડીમાં કારમાં રૂ.2.50 લાખના દારૂ લઇ જતો બુટલેગર ઝડપાયો

પારડીઃ પારડી પોલીસે રેંટલાવ ઓવરબ્રિજ નજીક નાકાબંધી કરી દમણથી નવસારી તરફ લઈ જવાતો દારૂનો જથ્થો ભરેલી કાર ઝડપી પાડવામાં આવી હતી. પોલીસને બાતમીના આધારે આઈ-20 કાર (નં.GJ 15 CF 0132)ને રેંટલાવ ઓવરબ્રિજ નજીકથી રોકી તલાશી લેતાં કારમાંથી દારૂની બોટલ 394 નંગ જેની કિંમત રૂ.2,50,630 મળી આવ્યો હતો. પોલીસે કારચાલક પ્રગ્નેશભાઈ ચંદુભાઈ પટેલ (રહે., ગણદેવી, જિ.નવસારી)ને ઝડપી પાડ્યો હતો. પોલીસ પૂછપરછમાં કારચાલકે દારૂનો જથ્થો દમણથી એક અજાણ્યા શખ્સ પાસેથી મેળવ્યો હોવાનું અને હિનાબેન રાકેશભાઈ પટેલ તથા રીતેશભાઈ મનુભાઈ પટેલ (બંને રહે., ગણદેવી)ને પહોંચાડવાનો હોવાનું જણાવ્યું હતું. પોલીસે કુલ રૂ.7,55,630નો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

નવસારીમાં ઘર સામે પાર્ક કરેલું મોપેડ ક્ષણભરમાં ચોરાયું

નવસારીઃ શહેરના ગ્રીડ રોડ વિસ્તારમાં શાંતિવન સોસાયટી-૧માં રહેતા નિવૃત્ત ઘલકર્તિ વસંતરાય દેસાઈ (ઉ.વ. ૬૦)નું ઘર સામે ઝાડ નજીક પાર્ક કરેલું કાળું હોન્ડા એક્ટિવા અજાણ્યો શખ્સ ચોરી કરી ફરાર થઈ ગયો હતો. GJ-21-BE-7808 નંબરનું આશરે રૂ. ૪૦ હજારની કિંમતનું એક્ટિવાની ચોરી અંગે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ઉમરગામમાં જુગાર રમતા છ પકડાયા

ઉમરગામઃ ઉમરગામ ટાઉનમાંથી ગંજીપાનાનો જુગાર રમતા પોલીસે ઉમરગામ ટાઉન વિસ્તારમાં જુગાર અંગે રેડ કરી ધર્મેશ પટેલ (રહે., ઉમરગામ ટાઉન, રોહિતવાસ), મિતેશ ટંડેલ, ભાવિન માછી, હેમંત માછી (તમામ રહે., ઉમરગામ, પેરમ ફળિયું), સાજીદ ચારણીયા (રહે., સોળસુંબા), કેવીન માછી (રહે.,ઉમરગામ, સોની ફળિયા)ની અટક કરી રોકડા રૂપિયા 30,200 તથા મોબાઈલ ફોન નંગ ચાર કિંમત રૂપિયા 52000 મળી કુલ રૂ.82,200ના મુદ્દામાલ સાથે અટક કરી વધુ તપાસ હાથ ધરી છે.

ગલકુંડમાં આરોગ્ય સેવાનો સેવાયજ્ઞ ૯૨૮ દર્દીની નિઃશુલ્ક તપાસ

નવસારીઃ ડાંગ જિલ્લાના અંતરિયાળ ગલકુંડ ગામમાં ગ્રામ સેવા ટ્રસ્ટ, ખારેલ દ્વારા જરૂરિયાતમંદ લોકો માટે નિઃશુલ્ક સર્વરોગ નિદાન અને સારવાર કેમ્પ યોજાયો હતો. કેમ્પ દરમિયાન કુલ ૯૨૮ દર્દીઓની તપાસ કરવામાં આવી હતી. તેમાં જનરલ મેડિસિનના ૩૯૯, જનરલ સર્જરીના ૭૪, બાળરોગના ૧૦૦, ગાયનેકના ૫૪ અને આંખ વિભાગના ૩૨૨ દર્દીઓનો સમાવેશ થાય છે. તબીબી તપાસ બાદ વધુ સારવાર અથવા ઓપરેશનની જરૂરિયાત ધરાવતા ૧૩૮ દર્દીને ખારેલ હોસ્પિટલ ખાતે નિઃશુલ્ક સારવાર માટે મોકલવામાં આવ્યા હતા. કેમ્પમાં આવેલા જરૂરિયાતમંદ દર્દીઓને કપડાંનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી ડો. અશ્વિન શાહ સહિતની ટીમે કેમ્પના આયોજનમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

વાંસદાના ચાપલધરા ગામે મજૂરનું કાવેરી નદીમાં ડૂબી જવાથી મોત

વાંસદાઃ તાપી જિલ્લાના ઉચ્છલના ચઢાવણ ગામે રહેતા કુલસિંગભાઈ ઉર્ફે કાલીયાભાઈ જેઠીયાભાઈ કાથુડ (ઉં.વ.45) ગણદેવી સુગરમાં શેરડી કાપવાના મજૂરી કામે આવ્યા હતા. તેમને અન્ય મજૂરો સાથે વાંસદા તાલુકાના ચાપલધરા ગામે શેરડી કાપવા માટે મોકલવામાં આવ્યા હતા. સોમવારે સાંજના સમયે કુલસિંગભાઈ કાથુડ કાવેરી નદીમાં નહાવા માટે ગયા હતા. દરમિયાન નદીના પાણીમાં તેઓ અચાનક ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. મંગળવારે સવારે તેમની લાશ નદીના પાણીમાંથી મળી આવી હતી. પોલીસે બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

આછવણી ગામે બાગાયતી પાકોમાં પ્રાકૃતિક ખેતી અંગે તાલીમ શિબિર યોજાઈ

ખેરગામઃ નાયબ બાગાયત નિયામકની કચેરી નવસારી દ્વારા ખેરગામ તાલુકાના આછવણી ગામે રામેશ્વર મહાદેવ મંદિરમાં બાગાયતી પાકોમાં પ્રાકૃતિક ખેતી વિષય પર પરિસંવાદ તથા તાલીમ શિબિર યોજાઈ હતી. શિબિરમાં બાગાયત અધિકારી સોનમબેન પટેલે રાસાયણિક ખાતર અને કીટનાશકોની અસરો તથા પ્રાકૃતિક ખેતીના મહત્ત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું. ખેડૂત રખાબેને પ્રાકૃતિક ખેતીના અનુભવો તેમજ બાગાયતી પેદાશોમાં મૂલ્યવર્ધન અંગે માહિતી આપી હતી. ખેડૂત મહેશભાઈ ગુલાબભાઈ પટેલે જીવામૃત અને બીજામૃતની બનાવટ તથા ઉપયોગ અંગે પ્રાયોગિક માર્ગદર્શન આપ્યું હતું. જ્યારે મહેશભાઈ શુક્કરભાઈ ગાવિતે જમીનની ફળદ્રુપતા જાળવવા મિત્ર કીટકો અને અળસિયાના મહત્ત્વ અંગે સમજ આપી હતી.

વડાપ્રધાનના બહેન વાસંતીબેન મોદી પરિવાર અને મિત્રો સાથે ડાંગના પ્રવાસે

સાપુતારાઃ ડાંગ જિલ્લામાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના બહેન વાસંતીબેન મોદી અને તેમના પતિ હસમુખભાઈ મોદીએ મિત્રો સાથે ખાસ પ્રવાસ કર્યો હતો. આ સફર દરમિયાન તેમણે રામાયણ કાળ સાથે જોડાયેલ પવિત્ર યાત્રાધામ શબરીધામ, પંપા સરોવર, અંજની કુંડ, પાંડવ ગુફા અને બિલમાળના પ્રાચીન અર્ધનારેશ્વર મહાદેવ મંદિરે દર્શન-પૂજા કર્યા હતા. આ ઉપરાંત, તેમણે સુબીરમાં અસીમાનંદ સ્વામીજી અને વાસુર્ણાના હેતલ દીદીના આશીર્વાદ પણ પ્રાપ્ત કર્યા હતા. આહવા ખાતે 'સમસ્ત ગુજરાતી મોઢ મોદી સમાજ ટ્રસ્ટ'ના ઉપપ્રમુખ ગિરીશભાઈ મોદીના નિવાસસ્થાને તેમનું આત્મીય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સમગ્ર સફર દરમિયાન ગિરીશભાઈ મોદી, અમરનાથ જગતાપ અને બીબીબેન ચૌધરીએ સાથે રહીને પ્રવાસની ઉત્કૃષ્ટ વ્યવસ્થા અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ડાંગના અહલાદક પ્રાકૃતિક વાતાવરણ અને આત્મીય આવકારથી વાસંતીબેન મોદી તથા તેમના સાથીદારો અત્યંત પ્રસન્ન થયા હતા.

ધરમપુરના ખેડૂતોને 10 કલાક વીજ પુરવઠો આપવા ધારાસભ્યની CMને રજૂઆત

ધરમપુરઃ ધરમપુરના આદિવાસી વિસ્તારમાં માત્ર 8 કલાક જ વીજ પુરવઠો મળતાં ખેડૂતોને ખેતી માટે અગવડતા પડતી હોય છે જેને ધ્યાને લઈ ભાજપના ધારાસભ્ય અરવિંદ પટેલે ખેડૂતલક્ષી કાર્યક્રમમાં જણાવ્યું હતું કે, હવે ખેડૂતોને 8 કલાક વીજ પુરવઠો પૂરતો મળતો હતો. હવે ખેડૂતો 10 કલાક વીજ પુરવઠો ખેતી માટે સમયસર મળે તે માટે મુખ્યમંત્રી તથા ઉર્જામંત્રીને લેખિતમાં રજૂઆત કરી છે. 10 કલાક વીજ પુરવઠો મળે એ માટે માંગ કરાતા સ્થાનિક ખેડૂતોમાં હર્ષની લાગણી છવાઈ જવા પામી હતી.